"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૦-૨૧/૨૦ તા.૧૭-૧૦-૨૦૨૦

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માન.શ્રી રાજકુમાર પાંડિયન સાહેબ**
પોલીસ મહાનિરીક્ષક, સુરત રેન્જ
સુરત.

**વિષય :- હાઈવે ઉપર ખાસ કરીને માલવાહક વાહનોની લેન ડ્રાઈવિંગની શીસ્ત બાબતે**

માનનીય શ્રી,

સવિનય જણાવવાનું કે ઉપરોક્ત બાબતે અમો અમારા પ્રતિનિધિમંડળ સાથે આપને મે, ૨૦૧૯માં મળેલ અને ત્યારબાદ તા.૨૮-૦૯-૨૦૨૦ના રોજ આપની ઓફિસમાં ઉપરોક્ત બાબતના નિયમન અર્થે ચર્ચા કરેલ અને ત્યારબાદ તા.૧૪-૧૦-૨૦૨૦ના રોજ કરેલ વ્યવસ્થા અંગે મુલાકાત લીધેલ. આપે આપેલ સમય માટે આભાર.

આપની પાસેથી મેળવેલ જાણકારી મુજબ હાઈવે ઉપર ચાલતા વાહનોની શીસ્તમાં ઘણો સુધારો થયેલની માહિતી મેળવેલ અને ખાસ કરીને છેલ્લા બે મહિનાની અંદર હાઈવે ઉપર થતા અકસ્માતોમાં તેમાંય ખાસ કરીને **"ફેટલ એક્સીડેન્ટ"**માં ઘણો બધો ઘટાડો થયાની જાણથી અમો ખુબ આનંદની લાગણી અનુભવીએ છીએ અને આપે લીધેલ આ પગલાને આવકારીએ છીએ અને તે અંગે આપ તેમજ આપના વિભાગની સર્વે ટીમ અભિનંદનને પાત્ર છે.

આપની સાથે લીધેલ મુલાકાત દરમ્યાન નક્કી કરેલ તે પ્રમાણે આપણાં રાજયની પ્રમુખ સંસ્થા તરીકે અમોએ પણ માર્ગ સલામતી અને ડ્રાઈવિંગની શીસ્ત અંગે નૈતિક જવાબદારી સ્વીકારેલ અને તે સંદર્ભે આપણાં રાજયમાં આવેલા દરેક એસોસીએશનમાં આ બાબતની જાણકારી આપેલ તેમજ રાજયના પાડોશમાં આવેલા બીજા રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન વગેરેના એસોસીએશનમાં પણ જાણકારી મોકલેલ તેમજ અમારી દિલ્હી ખાતેની માતૃ સંસ્થા ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સ.કોગ્રેસને પણ આ અર્થેની વિગતોથી વાકેફ કરેલ છે.

તે ઉપરાંત આપણે થયેલ ચર્ચા મુજબ વાહનચાલકને કાયમી રીમાઈન્ડર તરીકે જે સ્ટીકર બનાવડાવવાના હતા તેવા સ્ટીકર બનાવડાવી ગાડીની કેબીનમાં ડ્રાઈવર સાઈડ લગાવડાવવાનું આયોજન કર્યુ. જેનો નમુનો આપશ્રીને આપની ઓફિસમાં આપેલ. તે વખતે આપશ્રીએ આપેલ માર્ગદર્શન પ્રમાણે હિન્દીભાષી વાહનચાલકો માટે આવા સ્ટીકર હિન્દીમાં બનાવડાવાના સુચન પ્રમાણે અમોએ તે વ્યવસ્થા પણ કરી દીધેલ છે. જેથી ગુજરાતમાં પ્રવેશતી વખતે જ હિન્દી સ્ટીકરથી બીનગુજરાતી વાહનચાલકને પણ યોગ્ય સંદેશો પહોંચાડી શકીએ.

તા.૧૪-૧૦-૨૦૨૦ની આપની સાથેની મુલાકાત બાદ આપને જણાવ્યા પ્રમાણે અમોએ નવસારી એસ.પી.શ્રીની પણ મુલાકાત લીધેલ અને આપની સાથે થયેલ ચર્ચાનો તેમજ એસોસીએશન લેવલે કરેલ વ્યવસ્થાનો ચિતાર આપેલ.

"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



ત્યારબાદ તા.૧૫-૧૦-૨૦૨૦ના રોજ વાપી ટ્રાન્સપોર્ટ એસોસીએશન દ્વારા આયોજીત બગવાડા ટોલટેક્ષ ઉપર **"રોડ સેફટી અભિયાન"** હેઠળ આયોજીત કેમ્પનું ઉદ્‌ઘાટન માન.શ્રી વલસાડ એસ.પી. દ્વારા કરવામાં આવેલ અને તે વખતે તે કાર્યક્રમમાં વલસાડ, વાપી ટ્રાફિક વિભાગના અમલદારો, આર.ટી.ઓ. અધિકારી, નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારી તેમજ વાપી ટ્રાન્સપોર્ટ એસોસીએશનના હોદ્દેદારો અને મોટા ટ્રાન્સપોર્ટરોએ વગેરેએ હાજરી આપેલ અને તે કાર્યક્રમમાં માન.વલસાડ એસ.પી. સાહેબે **"લેન ડ્રાઈવિંગ"** અર્થેની જાણકારી તેમજ સમજદારી અંગે વકતવ્ય આપેલ. વાપી ટ્રાન્સપોર્ટ એસોસીએશનના આ સુંદર આયોજનમાં પ્રેસ-મીડીયા પણ સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલ અને લોકલ મીડીયા તેમજ દિવ્ય ભાસ્કરમાં પણ ફોટા સહિત કરેલ કાર્યક્રમની નોંધ લેવામાં આવેલ.

તે જ દિવસે સાંજે ૪.૩૦ વાગે અંકલેશ્વરમાં પણ ત્યાના ટ્રાન્સપોર્ટ એસોસીએશનના હોદ્દેદારો સાથે એક મીટીંગનું આયોજન કરેલ અને તેમાં વિસ્તૃત ચર્ચા કરી **"લેન ડીસ્પ્લીન"**ના વિષય ઉપર ગાડી માલીક, ટ્રાન્સપોર્ટ કંપની માલીક તેમજ એસોસીએશનની જવાબદારી અંગેની વાત કરેલ. સાથે સાથે ત્યાં પણ સ્ટીકરનું વિતરણ કરવામાં આવેલ.

અમારા અગાઉના તા.૦૧-૧૦-૨૦૨૦ના પત્રના અનુસંધાને આપશ્રીને ફરીથી વિનંતી કરીએ છીએ કે જો કોઈ વાહન હાઈવે ઉપર શીસ્ત બહાર ચાલતુ પકડાય તો થતી કાર્યવાહી સામે અમને કોઈ વાંધો નથી પણ આઈપીસી ૨૭૯ પ્રમાણેની કાર્યવાહીમાં પડતી ખુબ તકલીફો તેમજ મોટા ખર્ચને કારણે જો **"સ્પોટ દંડ"**ની વ્યવસ્થા થાય તેવી રાજયના દરેક એસોસીએશનો તેમજ આજુબાજુના રાજ્યોના એસોસીએશનોની લાગણી છે.

આપની જાણ ખાતર અમારી સંસ્થા તેમજ અમોને સંલગ્ન રાજયના બીજા એસોસીએશનો માર્ગ સલામતિ માટે હરકદમ સજાગ છે અને તે અર્થે જુદા જુદા સમયે જરૂરિયાત પ્રમાણેના કાર્યક્રમો માટે કટિબધ્ધ છે.

આભાર સહ,

આપના વિશ્વાસુ

**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

**હસુભાઈ એન. ભગદેવ**
(માનદમંત્રી)